# ૩૦ એપ્રિલ –૨૦૧૬ (શુક્રવાર)

■ **ગુજરાતમાં સવર્ણોને આર્થિક ધોરણે ૧૦% અનામત :**

– ગુજરાત સરકારે રાજ્યમાં સવર્ણો માટે ૧૦ ટકા આર્થિક અનામતની જાહેરાત કરી.

– પહેલી, મે એ ગુજરાત સ્થાપના દિને વટહુકમ બહાર પાડશે તેમજ ચાલુ વર્ષે જુન મહિનાથી અનામતનો લાભ અપાશે.

– ૬ લાખની મર્યાદામાં વાર્ષિક આવક ધરાવનારાને શિક્ષણ અને નોકરીઓમાં અનામતનો લાભ મળશે.

– આ ૧૦ ટકા આર્થિક અનામનાં લીધે .. અને .. ના ૪૯ ટકા અનામત ક્વોટામાં કોઇ ફેરફાર થશે નહીં.

– ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ તથા ગુજરાત મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની હાજરીમાં આ જાહેરાત કરાઇ હતી.

■ **અભિનવ બિંદ્રા**

– ઓલિમ્પિક ગોલ્ડમેડાલીસ્ટ અભિનવ બિન્દ્રાને આગામી રીયો ઓલિમ્પિક્સના ગુડવીલ એમ્બેસેડર બનાવવામાં આવ્યા.

– અગાઉ અભિનેતા સલમાન ખાનને પણ ઓલિમ્પિક્સના ગુડવીલ એમ્બેસેડર બનાવવામાં આવ્યા હતા.

– ભારતીય ઓલિમ્પિક એસોસીએશને અભિનવ બિંદ્રા સચીન તેંદુલકર તેમજ સંગીતકાર એ.આર. રહેમાનને ઓલિમ્પિક ટીમના ગુડવીલ એમ્બેસેડર બનવા ઇચ્છા વ્યક્ત કરી હતી.

– આ ત્રણ પૈકી અભિનવ બિંદ્રાએ હકારાત્મક જવાબ આપતા તેને ગુડવીલ એમ્બેસેડર બનાવી દેવાયો છે.

■ **દૂતી ચંદ :**

– ઓરિસ્સાની સુપ્રીન્ટર દૂતિ ચંદે દિલ્હીમાં ચાલી રહેલા ફેડરેશન કપ એથ્લેટિક્સમાં ૧૦૦ મીટરની દોડમાં ૧૬ વર્ષ જુનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો

– દુતિ ચંદે ૧૦૦ મીટર દોડ માત્ર ૧૧.૩૩ સેકન્ડમાં પુરી કરી હતી. જે. ૧૬ વર્ષ અગાઉ રચિતા મિસ્રીએ ૧૧.૩૮ સેકન્ડમાં પુરી કરી હતી

– દુતિ ચંદે નેશનલ રોક્ડ બનાવ્યો છતાં તે ઓલિમ્પિક માટે ક્વૉલિફાઇ ના કરી શકી.

– મહિલાઓ માટે રિયો ઓલિમ્પિક ક્વૉલિફિકેશન ૧૦૦ મીટર ૧૧.૩૨ સેકન્ડમાં જરૂરી હતું.

પ્રશ્નો :

(૧) ગુજરાત સરકારે સવર્ણોને કેટલા ટકા આર્થિક અનામતની જાહેરાત કરી ?

– ૧૦ ટકા

(૨) સવર્ણોને અપાયેલ આર્થિક અનામતમાં કેટલી આવક મર્યાદાવાળાનો સમાવેશ થશે ?

– ૬ લાખ સુધીના (વાર્ષિક)

(૩) આર્થિક અનામત કયા વર્ષથી લાગુ થશે ?

– જૂન–૨૦૧૬

(૪) ૧૦ ટકા આર્થિક અનામતની જાહેરાત થતાં OBC, SC અને ST ના ૪૯ ટકાના અનામત ક્વૉટામાં કેટલા ટકાનો ઘટાડો થાય.

– કોઇ ફેરફાર નહીં થાય

(૫) સલમાન ખાન બાદ કોને ઓલિમ્પિક્સના ગુડવીલ એમ્બેસેડર બનાવવામાં આવ્યા ?

– અભિનવ બિંદ્રા

(૬) દુતી ચંદ કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?

– સ્પ્રીન્ટર (દૌડ)

(૭) તાજેતરમાં કોને મહિલા વિભાગમાં ૧૦૦ મીટર દોડમાં ૧૧.૩૩ સેકન્ડમાં પુર્ણ કરી ૧૬ વર્ષ જુનો રેકોર્ડ તોડ્યો ?

– દૂતિ ચંદ

(૮) દુતિ ચંદ કયાં રાજયના વતની છે ?

– ઓરિસ્સા

विवेकानंद अकादमी (गांधीनगर) मो.९९२५६९८७२१